# દૂધસાગર ડેરી
## મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ
પોસ્ટબોક્સ નં.૧, હાઇવે રોડ, મહેસાણા - ૩૮૪૦૦૨. ફોન નં. ૦૨૭૬૩-૨૫૩૨૦૧, ફેક્સ-૨૫૩૪૨૨


## "બટર ટ્રાન્સફર પરિવહન" ની કામગીરી અંગે ટેન્ડર નોટીસ

સવિનય જણાવવાનું કે સંઘના એકમ દૂધસાગર ડેરી – મહેસાણા ખાતે ઉત્પાદિત થતું વ્હાઇટ બટર/ટેબલ બટર સંઘ દ્વારા ભાડે રાખેલ કશિશ એગ્રીકલ્ચર કોલ્ડ સ્ટોરેજ – મંડાલી, તાલુકો અને જિલ્લો – મહેસાણા ખાતે ઇન્સ્યુલેટેડ વિહિકલ મારફત ટ્રાન્સફર કરવા અંગેની બટર પરિવહન કામગીરીનો કોન્ટ્રાક્ટ તા.૦૧.૦૫.૨૦૨૬ થી ૩૦.૦૪.૨૦૨૭ સુધી ૦૧ (એક) વર્ષ માટે આપવાનો હોઈ, સદરહુ કામગીરીમાં અનુભવ તેમજ પોતાનું ઇન્સ્યુલેટેડ વાહન (અંદાજીત ૧૦ ટન કે તેથી વધુ ક્ષમતા) ધરાવતા ટ્રાન્સપોર્ટરો પાસેથી દરરોજ સંઘની જરૂરિયાત મુજબ વ્હાઇટ બટર / ટેબલ બટર કશિશ એગ્રીકલ્ચર કોલ્ડ સ્ટોરેજ – મંડાલી ખાતે પહોચાડવાની તથા સંઘની જરૂરીયાત મુજબ કશિશ એગ્રીકલ્ચર કોલ્ડ સ્ટોરેજમાંથી બટર પરત દૂધસાગર ડેરી – મહેસાણા ખાતે લાવવા માટેની ફક્ત બટર પરિવહન કામગીરીના ભાવ (લોડીંગ/અનલોડીંગ સિવાય) પ્રતિ ટનમાં (બધું મળીને) બંધ કવરમાં મંગાવવામાં આવે છે. બંધ કવર પર **"બટર પરિવહન કામગીરી અંગેનું ભાવપત્રક"** તેમ લખવું. ટેન્ડર સાથે ટેન્ડર ફી પેટે રૂપિયા ૧૧૮૦/- અને ટેન્ડર ઈ.એમ.ડી. પેટે રૂપિયા ૨૫૦૦૦/- ના "મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ – મહેસાણા" નામના બન્ને ડીમાંડ ડ્રાફ્ટ જોડવાના રહેશે. ટેન્ડર ફી રૂપિયા ૧૧૮૦/- પરત થવા પાત્ર નથી. જ્યારે ૨૫૦૦૦/- ઈ.એમ.ડી. ટેન્ડર ન લાગતાં ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થતાં પરત કરવામાં આવશે. ટેન્ડરને લગતી વધુ માહિતી ડેરી વેબસાઈટ www.dudhsagardairy.coop ઉપરથી તા.૧૫.૦૪.૨૦૨૬ ને સવારે ૧૧:૦૦ કલાકે ડાઉનલોડ કરી શકાશે. તા.૨૫.૦૪.૨૦૨૬ ના રોજ ૧૭:૦૦ કલાક સુધી ભાવપત્રક ભરી દૂધસાગર ડેરી, મહેસાણા ખાતે જમા કરાવવાનું રહેશે.

કોઈપણ ભાવપત્રકને કોઈપણ જાતનું કારણ આપ્યા સિવાય મંજૂર અથવા નામંજૂર કરવાનો તથા નેગોશીએશન કરવાનો અબાધિત અધિકાર સંઘના ઇન્ચાર્જ મેનેજીંગ ડીરેક્ટરશ્રીને રહેશે.

**ઇન્ચાર્જ મેનેજીંગ ડિરેક્ટર**

**મહેસાણા જી.સ.દૂ.ઉ.સંઘ લિ.,મહેસાણા**

નં.ડી.એસ.ડી./એડમીન/બટર ટ્રાન્સ./

તા.૧૪.૦૪.૨૦૨૬

નોટીસ બોર્ડ : ઓફીસ / ડેરી – ફેક્ટરી

# મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. દૂધસાગર ડેરી,મહેસાણા – ૩૮૪૦૦૨

## "બટર પરિવહનની" કામગીરી અંગેનું ટેન્ડર

**કોન્ટ્રાક્ટનો સમયગાળો** :- તા.૦૧.૦૫.૨૦૨૬ થી તા.30.૦૪.૨૦૨૭ સુધીનો રહેશે.
જરૂર જણાયે પરસ્પર સહમતીથી કામગીરીની મુદત લંબાવી શકશે.

ટેન્ડર ફી રૂ.૧૧૮૦/-(જી.એસ.ટી સાથે નોન રીફંડેબલ)
ટેન્ડર ઈ.એમ.ડી. રૂ.૨૫,૦૦૦/-
(ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ થતાં પરત કરવામાં આવશે.)
(ટેન્ડર સાથે"Mehsana District Co Operative Milk Producer's Union Ltd. – Mehsana નામના ઉપરોક્ત બન્ને ડીમાન્ડ ડ્રાફ્ટ જોડવાના રહેશે.)

- ટેન્ડર ફોર્મ સંઘની વેબસાઈટ www.dudhsagardairy.coop પરથી તારીખ /સમય :- **તા.૧૫.૦૪.૨૦૨૬** સવારે ૧૧:૦૦ કલાકેથી મેળવી શકાશે.
- ટેન્ડર ભાવ ભરેલી કોપી દૂધસાગર ડેરી, મહેસાણા ખાતે જમા કરવાની છેલ્લી તારીખ/સમય : **તા.૨૫.૦૪.૨૦૨૬ બપોરે ૧૭:૦૦ કલાકે**

## મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. દૂધસાગર ડેરી,મહેસાણા – ૩૮૪૦૦૨

પ્રતિ,

**ઇન્ચાર્જ મેનેજીંગ ડિરેક્ટર શ્રી,**

**દૂધસાગર ડેરી – મેહ્સાણા**

સવિનય જણાવવાનું કે, ઉપરોક્ત જાહેરનામાના અનુસંધાન દૂધસાગર ડેરી, મહેસાણા ખાતે ઉત્પાદિત થતું વ્હાઇટ બટર / ટેબલ બટર સંઘ દ્વારા ભાડે રાખેલ કશિશ એગ્રીકલ્ચર કોલ્ડ સ્ટોરેજ – મંડાલી, તાલુકો અને જિલ્લો – મહેસાણા ખાતે ઇન્સ્યુલેટેડ વિહિકલ મારફત ટ્રાન્સફર કરવાની તેમજ સંઘની જરૂરીયાત મુજબ ત્યાંથી બટર પરત દૂધસાગર ડેરી - મહેસાણા ખાતે લાવવાની બટર પરિવહનની કામગીરી નીચેના ભાવથી કરવા તૈયાર છું /છીએ.

૦૧. તા.૦૧ થી ૧૫ એપ્રિલ – ૨૦૨૬ મુજબ સંઘમાં ચાલતા ડીઝલના એવરેજ ભાવ રૂ. ૯૦.30/- પ્રતિ લીટર પ્રમાણે , ટોલ ટેક્ષ અને અન્ય ખર્ચ સાથેના ભાવ ભરવાના રહેશે. ટેન્ડરની શરતો મુજબ ડીઝલ ભાવોમાં જે તે મહિનાની તારીખ ૧-૧૫ અને ૧૬-30/3૧ ના એવરેજ ભાવમાં રૂપિયા ૦૧ +- (વધારો/ઘટાડો) કે તેનાથી વધુમાં થતો ભાવ વધારો/ઘટાડો તે પછીના દિવસથી ૧૫ દિવસ માટે મજરે આપવા /કપાત લેવામાં આવશે.

૦૨. ભાવ પર જીએસટી એકસ્ટ્રા રહેશે. (લાગુ પડતો હશે તો )

૦૩. એવરેજ પ્રતિ લીટર ૪ કી.મી.

૦૪. વાહનનું મોડલ ૨૦૧૭ કે પછીનું હોવું જરૂરી છે.

### <u>બટર ટ્રાન્સફર પરિવહન કામગીરીનું ભાવપત્રક</u>

| ક્રમ નં. | વિગત | ક્યાંથી | ક્યાં | આવવા જવાના કિલોમીટર | અંદાજીત જથ્થો (મેટ્રિક ટન) | પ્રતિ મે.ટન ભાડું |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૦ મેટ્રિક ટન કે તેથી વધુની ક્ષમતા મુજબના ઇન્સ્યુલેટેડ વિહિકલ મારફત સંઘમાં ઉત્પાદિત થતા વ્હાઈટ /ટેબલ બટર ટ્રાન્સફર અંગેની કામગીરી | દૂધસાગર ડેરી, મહેસાણા | **કશિશ એગ્રીકલ્ચર કોલ્ડ સ્ટોરેજ – મંડાલી** તાલુકો અને જિલ્લો – મહેસાણા | ૪૦ | ૨૫૦ | |

ઇન્સુલેટેડ વિહિકલ નંબર :....................................

ઇન્સુલેટેડ વિહિકલની કેપેસીટી :................................

ઇન્સુલેટેડ વિહિકલ ફૂડ લાઈસંશ (FASSI) નંબર :................................છેલ્લી તા....................

**ટ્રાન્સપોર્ટનું નામ :...................................................**

**ટ્રાન્સપોર્ટરનું નામ : .......................................................**

**સરનામું :.............................................**

**................................................**

**મોબાઈલ નં. .................................** 



**ટ્રાન્સપોર્ટર ના સહી સિક્કા**

## મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. દૂધસાગર ડેરી,મહેસાણા – ૩૮૪૦૦૨

### બટર ટ્રાન્સફર પરિવહન કામગીરીની શરતો

૧ બટર પરિવહનની કામગીરીનો સમયગાળો કામગીરી ચાલુ કર્યે તા.૦૧.૦૫.૨૦૬ થી તા.30.0૪.૨૦૨૭ સુધી એક (૦૧)વર્ષનો સુધીનો રહેશે. સંઘને જરૂર જણાયેથી પરસ્પર સહમતીથી સદર સમયગાળો લંબાવવામાં આવશે.

૨ જે – તે પાર્ટીને ઓર્ડર ફાળવતાં ટેન્ડર ઈ. એમ. ડી. પેટે જમા આવેલ રૂપિયા ૨૫૦૦૦/- (પચ્ચીસ હજાર)નો ડીમાંડ ડ્રાફ્ટ પરત ન કરતાં સિક્યુરિટી ડીપોઝીટ પેટે વ્યાજ મુક્ત સંઘમાં જમા લેવામાં આવશે. તદઉપરાંત દરેક બીલમાંથી ૫% પ્રમાણે સિક્યુરિટી પેટે અલગથી વધારાની કપાત કરવામાં આવશે જે પણ વ્યાજ રહિત સંઘમાં જમા રહેશે. સદર રકમ આપની કામગીરી સંતોષકારક પૂર્ણ થયેથી જરૂરી કાગળો સાથે આપની લેખિત માગણી આવતાં સંઘની કોઈ લેવડ - દેવડ બાકી હશે તો તે કપાત કરી બે (૦૨) મહિનાની અંદર સંઘ ખાતે રજીસ્ટર આપના બેંક ખાતામાં ચુકવવામાં આવશે.

૩ ભાગીદારી પેઢીના નામે કોઈ ટેન્ડર ભર્યું હશે તો ટેન્ડર રજુ કરતી વખતે ભાગીદારી લેખની ખરી નકલ તથા ભાગીદારીના પૂર્ણ નામ – સરનામાની વિગત રજુ કરવાની રહેશે. ભાગીદારી પેઢી વતી જે વ્યક્તિને અધિકાર આપવામાં આવ્યો હશે તે વ્યક્તિ સાથે જ સંઘ તમામ વ્યવહાર કરશે. તે સિવાય બીજી કોઈ વ્યક્તિ સાથે વ્યવહાર કરવામાં આવશે નહિ. કોન્ટ્રાક્ટ સમયગાળા દરમ્યાન ભાગીદારીના પેઢીના માળખામાં જો કોઈ ફેરફાર થાય તો તેની લેખિત જાણ દિન – 0૩ માં સંઘને કરવાની રહેશે અને જરૂર પડે નવો ભાગીદારી લેખ અગર ભાગીદારી છૂટી કરવાનો લેખ અગર બીજા લેખો જે થયા હોય તેની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. વ્યક્તિગત નામે ટેન્ડર ભરવામાં આવેલ હશે તો તેજ વ્યક્તિના સહી – સિક્કા ચાલશે.

૪ સંઘના સ્ટોર્સ વિભાગના અધિકારીની સુચના પ્રમાણે નિયમિત રીતે જરૂરીયાત પ્રમાણે જયારે જણાવીએ ત્યારે અને તે પ્રમાણે બટર ટ્રાન્સફર કરવા માટે આપે ઇન્સ્યુલેટેડ વ્હીકલની વ્યવસ્થા કરીને ડેરીનાં મુખ્ય સ્ટોર ખાતે ભરવા મોકલવાની રહેશે. હાલના અંદાઝ મુજબ પ્રતિદિન આશરે ૨૦ થી ૧૦૦ મે.ટન બટર ટ્રાન્સફર કરવાની જરૂરિયાત રહેશે અને જો તેમાં કોઈ વધારો-ઘટાડો થાય તો તે મુજબ વ્હીકલની વ્યવસ્થા કરવાની રહેશે. આપનું વાહન બટર ભરવા માટે આવે ત્યારે સંપૂર્ણ પણે સાફ કરીને અત્રે લાવવાની રહેશે.

૫ આપની વ્હીકલ રસ્તામાં બ્રેકડાઉન થાય અથવા તો બગડે તો તેવા સંજોગોમાં આપે તાત્કાલીક્ન બીજા વ્હીકલની વ્યવસ્થા કરીને, કશિશ એગ્રીકલ્ચર કોલ્ડ સ્ટોરેજ – મંડાલી ખાતે સંઘનું બટર સહી સલામત પહોચાડવાનું રહેશે તેમજ ત્યાંથી દૂધસાગર ડેરી લાવવાનું રહેશે.. પરિવહન દરમ્યાન થયેલ બટરની નુકસાની અથવા તો ઘટની રકમ આપની પાસેથી વસુલ લેવામાં આવશે.

૬ જરૂરી કાગળો (વાહનની રજીસ્ટ્રેશન બુકની નકલ , વીમા પોલીસીની નકલ ,પરમીટ કોપી ,ફીટનેશ સર્ટીફીકેટની નકલ ,પી.યુ.સી., ની નકલ)ની કોપી તેમજ ખાદ્ય સામગ્રીના પરિવહન માટે આપની ટ્રક યોગ્ય છે તે અંગેનું સરકાર માન્ય ફૂડ સર્ટીફિકેટ (ફસાઈ લાઈસન્સ) મેળવી સંઘમાં જમા કરવાનું રહેશે.

 **ટ્રાન્સપોર્ટર ના સહી સિક્કા**

તેમજ જો કોઈ કાગળની સમય મર્યાદા પૂર્ણ થતી હોય તો તે જરૂરી શાખા / ઓથોરીટી પાસેથી રીન્યુ કરી તેની કોપી સંઘમાં ફરજીયાત જમા કરાવવાની રહેશે. જો આમાં કસૂર થશે તો કોઈ કાયદાકીય કાર્યવાહી કે દંડ થશે તો તેની જવાબદારી આપના શિરે રહેશે. સંઘની કોઈ જવાબદારી રહેશે નહિ. તેમજ સંઘ સદર કોન્ટ્રાક્ટ રદ કરી ડીપોઝીટની રકમ જપ્ત લઇ શકશે .

૭ બટર લોડીંગ તથા અનલોડીંગ અને વિમાની જવાબદારી સંઘની રહેશે. પરંતુ આપનું વાહન અથવા તો ડ્રાઈવરને કોઈપણ પ્રકારનાં નુકસાનની સંપૂર્ણ જવાબદારી ટ્રાન્સપોર્ટરની એટલે કે આપશ્રી ની રહેશે.

૮ આપશ્રીની ગાડીમાં બટર લોડીંગ થયા પછી આપની ગાડીના પાછળનાં દરવાજા પર સીલ મારવામાં આવશે, ને જો સીલ ડેરીના ગેટથી બહાર નીકળી ને કોલ્ડ સ્ટોર્સ પહોચીને સીલમાં ક્ષતિ માલુમ પડશે તો ભરેલ બોક્ષ્ ફાટી જવા અથવા ઓછા નીકળેલ ની રકમ આપની પાસેથી વસુલ કરવામાં આવશે.

૯ આપના કોન્ટ્રાક્ટમાં રોકાયેલ ટ્રક ડ્રાઈવરે /ક્લીનરે સંઘના નીતિ - નિયમો તેમજ આઈ.એસ.ઓ. ગાઈડ લાઈનનુંપાલન કરવાનું રહેશે તેમજ સંઘ ની કોઈપણ જાતની મિલકતને નુકશાન ન થાય તેની કાળજી રાખવાની રહેશે. આપના કોન્ટ્રાક્ટમાં રોકાયેલ વાહન થી કે ડ્રાઈવર ની બેકાળજી કે નિષ્કાળજીને લીધે સંઘની કોઈપણ જાતની મિલકતને નુકશાન થશે તો થયેલ નુકશાનની રકમ આપના બિલમાંથી વસુલ કરવામાં આવશે. આવા સંજોગોમાં જો કોઈ ફોજદારી કે દીવાની જવાબદારીઓ ઉભી થાય તો તે અંગે સંઘની કોઈ જવાબદારી રહેશે નહિ.

૧૦ આપના કોન્ટ્રાક્ટમાં રોકેલ કામદાર, ડ્રાઈવર, કંડકટર, કે ક્લીનર વિગેરેની નિમણુંક સરકારશ્રીના ધારા – ધોરણ મુજબ કરવાની રહેશે, તેમજ તેમને ચુકવવામાં આવતા વેતન તથા હક્ક – હિસ્સાની સંપૂર્ણ જવાબદારી ઇજારદાર(કોન્ટ્રાક્ટર) તરીકે આપની રહેશે.

૧૧ આપના વાહન ઉપર રોકાયેલ ડ્રાઈવર/કંડકટર /ક્લીનરનો પગાર, પી.એફ., રજાઓ, બોનસ, વિગેરેની લેબર કોન્ટ્રાક્ટના કાયદાઓ મુજબની જવાબદારી આપના શીરે રહેશે. સદર રકમ કોન્ટ્રાક્ટર તરીકે આપ કોઈપણ કારણોસર/સંજોગોવસાત ભરવામાં નિષ્ફળ જશો તો આપના બીલમાંથી અથવા ડીપોઝીટમાંથી તેટલી રકમ કપાત કરી કાયદેસર રીતે સંઘ સરકારી ખાતામાં ભરી શકશે., અને આ બાબતમાં આપ (કોન્ટ્રાક્ટર) કોઈપણ જાતનો વાંધો લઇ શકશે નહિ,તેમજ આપના કોન્ટ્રાક્ટને અનુલક્ષી ભવિષ્યમાં પણ આ અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેની સંપૂર્ણ જવાબદારી આપની રહેશે.

૧૨ સદર ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટ આપ કોઈના નામે બદલી શકશો નહી કે અન્ય કોઈને પેટા કોન્ટ્રાક્ટ આપી શકશો નહી. આમ થયેલ માલુમ પડશે તો આપને સોંપેલ ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટ સંઘ તાત્કાલિક અસરથી રદ કરી સંઘમાં જમા આપની ડીપોઝીટ અને બીલની રકમ જપ્ત લઇ શકશે. સંઘ હિત અને કામગીરીની અગત્યતાને ધ્યાનમાં લઇ સંઘ યોગ્ય નિર્ણય લઇ શકશે.

 **ટ્રાન્સપોર્ટર ના સહી સિક્કા**

૧૩ સંઘની પ્રીમાઈસીસમાં સંઘના નીતિ નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તેમજ તમારા માણસોએ સારી વર્તણુંક રાખવાની રહેશે. જેવી કે બીડી – તમાકુ, પાન – મસાલા, ગુટકા,દારૂ વિગેરેનું વ્યસન કરી શકશે નહિ અને જો તેમ કરતાં પકડાશે તો તરત જ નિયુકત અધિકારી દ્વારા રૂપિયા ૫૦૦/- નો દંડ વસુલ કરવામાં આવશે.

૧૪ તા.૦૧ થી ૧૫ એપ્રિલ - ૨૦૨૬ ના પ્રવર્તમાન ડીઝલના એવરેઝ ભાવ પ્રતિ લીટર ૯૦.૩૦/- ધ્યાનમાં લઇ તે મુજબ ભાવ ભરવાનો રહેશે ત્યારબાદ કોન્ટ્રાક્ટના સમય દરમ્યાન સરકારશ્રી તરફથી જ્યારે ડીઝલના ભાવમાં વધારો કે ઘટાડો થાય ત્યારે તેની ક્યુમીલીટી ગણતરી કરતાં ૧૫ દિવસની એવરેજમાં તા.૦૧ થી ૧૫ અને ૧૬ થી ૩૦/૩૧ સુધીની તારીખોમાં રૂ.૧-૦૦ કે તેથી વધુ રકમનો પ્રતિ લીટરના ડીઝલ ભાવોમાં વધારો કે ઘટાડો થશે તો તા.૦૧ કે ૧૬ તારીખથી મુળ ભાવ /રેટના ડીઝલ ભાવમાં ક્યુમીલીટી વધ –ઘટની ગણતરી મુજબ વધ /ઘટ મજરે આપવામાં આવશે.

૧૫ મહેસાણા ડેરી આઈ.એસ.ઓ.૧૪૦૦૧:૨૦૧૫ની કાર્ય પધ્ધતિનો અમલ કરતી હોઈ, ટેન્ડર મંજૂર થયેથી ટ્રાન્સપોર્ટરે તેમના વાહનનું ફૂડ સેફ્ટી લાઈસન્સ અને પી.યુ.સી.(પોલ્યુશન અન્ડર કંટ્રોલ)સર્ટીફીકેટ જવાબદાર એજન્સી પાસેથી મેળવી રજુ કરવાનું રહેશે અને સમયાંતરે રીન્યુ કરેલ સર્ટીફીકેટ સંઘમાં જમા કરાવવાનું રહેશે. આવું સર્ટીફીકેટ રજુ કરવામાં નહિ આવે ત્યાં સુધી રૂટનું પરિવહન બીલ અટકાવવામાં આવશે. આઈ.એસ.ઓ. ૧૪૦૦૧:૨૦૧૫ અન્વયે પર્યાવરણ પધ્ધતિની માર્ગદર્શિકા ઈ.એમ.એસ. & ISO 9001:2015 Quality Management System (QMS) & ISO 22000:2005 Food Safety Management System (FSMS) Standards ગાઈડ લાઈન્સ અન્વયે કોન્ટ્રાકની કામગીરી કરવાની રહેશે.

૧૬ સંઘ પરિસરમાં આપનું વાહન નિયત ગતિ મર્યાદામાં ચાલવું જોઈએ તેમજ વાહનમાંથી ઓઈલ ટપકતું ન હોવું જોઈએ . જ્યારે આપનું વાહન થોભાવાનું હોય ત્યારે એન્જીન અચૂક બંધ કરવાનું રહેશે નહીતર દંડ પેટે રૂપિયા ૨૦૦/- બિલમાંથી કપાત કરવામાં આવશે.

૧૭ કોઈપણ કારણોસર જો વાહન ગેરહાજર રહેશે તો દૈનિક રૂપિયા ૧૦૦૦/- પ્રમાણે દંડ વસુલ કરવામાં આવશે, ઉપરાંત સંઘ તરફથી બીજા વાહનની વ્યવસ્થા કરાયેલ હશે તો તેવા વાહનનો થયેલ તમામ ખર્ચ કોન્ટ્રાક્ટરશ્રી પાસેથી વસુલ લેવામાં આવશે.

૧૮ સદર કોન્ટ્રાક્ટ દરમ્યાન આપનો ડ્રાઈવર સંઘની કોઈ પેદાશ કે વસ્તુની ચોરી કરતાં પકડાશે તો વસ્તુની કિમંતની દશ ગણી રકમ પેનલ્ટી દંડ પેટે આપના બીલ/ડીપોઝીટમાંથી કપાત કરવામાં આવશે. તેમજ સંઘ ખાતે ચાલતો આપનો કોન્ટ્રાક્ટ રદ કરવા અંગે સંઘને મુખત્યાર રહેશે.

૧૯ જો સદર કોન્ટ્રાક્ટ આપને ફાળવવામાં આવશે અને તેમાં સ્વીકાર કર્યા બાદ પાછળ થી આપજો કોન્ટ્રાક્ટ સમય દરમિયાન અધવચ્ચે કામ છોડી દેશો તો આપની ટેન્ડર ડીપોઝીટ અને બિલમાંથી કપાત કરવામાં આવેલ ૫% વધારાની સિક્યુરિટી ડીપોઝીટ સહીત બધીજ રકમ જપ્ત કરવામાં આવશે. જે આપને પરત કરવામાં આવશે નહી .

 **ટ્રાન્સપોર્ટર ના સહી સિક્કા**

૨૦ વિહિકલ ભાડું, ટોલ ટેક્ષ અથવા કોઈપણ જાતની રકમ આપના ડ્રાઈવરને અત્રેથી ચુકવવામાં આવશે નહિ. આપે દર ૧૫ દિવસે બટર પરિવહનનું બીલ મુકવાનું રહેશે જેનું પેમેન્ટ આપનું બીલ મળ્યાથી ૧૫ દિવસમાં કરવામાં આવશે.આપના બીલમાંથી સરકારશ્રીના નિયમ મુજબ કપાત કરવામાં આવશે.

૨૧ ટેક્ષ :- ઇન્કમટેક્ષ અથવા કોઈપણ પ્રકારના ટેક્ષ આપના ભાડાના બીલમાંથી સરકારશ્રીના કાયદા મુજબ કપાત કરીને જ આપના બીલનું પેમેન્ટ કરવામાં આવશે.

૨૨ આ કરારનામામાં અગર તો તેની શરતોના અમલ બાબતમાં સંઘ અને કોન્ટ્રાક્ટરશ્રી વચ્ચે મતભેદ પડે ત્યારે સંઘના ઇન્ચાર્જ મેનેજીંગશ્રીનો નિર્ણય આખરી ગણવામાં આવશે,તેમ છતાં સંઘ અથવા કોન્ટ્રાક્ટરશ્રી વચ્ચે કોઈપણ પ્રકારનો તકરારી મુદ્દો ઉપસ્થિત થાય તો "મહેસાણા" કોર્ટનું કાર્યક્ષેત્ર સૌએ માન્ય ગણવાનું રહેશે.

૨૩ આ પરિવહન કોન્ટ્રાક્ટ સંઘને જરૂર પડે ત્યારે કોઈપણ જાતની નોટીસ આપ્યા સિવાય રદ કરી શકશે . અધ્ધવચ્ચે કોન્ટ્રાક્ટ રદ કરવાના સંજોગોમાં કોઈપણ જાતના નાણાં વળતર તરીકે ચુકવવામાં આવશે નહી.

૨૪ સદર કોન્ટ્રાક્ટ અંગે કાયદેસરની કોઈપણ કાર્યવાહી કરવી પડે તો તે માટે મહેસાણાની કોર્ટ કાર્યક્ષેત્ર ગણાશે.

૨૫ સૌથી ઓછા ભાવનું ટેન્ડર અથવા કોઈપણ ટેન્ડર કારણ આપ્યા સિવાય મંજૂર કે નામંજુર કરવાનો તથા પરામર્શ કરવાનો અબાધિત અધિકાર સંઘના ઇન્ચાર્જ મેનેજીંગ ડીરેક્ટરશ્રીનો રહેશે

આથી અમો જાહેર કરીએ છીએ કે ઉપર જણાવેલ શરતો અમોએ વાંચી છે અને તે મુજ્બ કામગીરી કરવા બંધાઈએ છીએ.

ઉપરોક્ત તમામ શરતો મે/અમે ધ્યાનપૂર્વક સભાન અવસ્થામાં વાંચેલ છે અને તેના પાલન સાથે કોન્ટ્રાક્ટના સમયગાળા દરમ્યાન કામગીરી કરવા બંધાયેલ છું/ છીએ.

સ્થળ :..............................

તારીખ :..........................

નામ:..........................................................

સરનામું:...............................

.................................. મોબાઈલ નં.:.....................................



**ટ્રાન્સપોર્ટર ના સહી સિક્કા**